RAN-2008000106010003

# RAN-2008000106010003

## T.Y.B. Com. (Sem. - 6) Examination October - 2025

## C.C in Gujarati - 06 Pratyayan Kaushalya

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

| સૂચના : / Instructions | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book<br>(2) જમણી બાજુના અંક પુરા ગુણ દર્શાવે છે. | Student's Signature |

**પ્ર-1. નીચેના પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ પાંચ)** **10**

1) આદર્શ અખબારી અહેવાલ કેવો હોવો જોઈએ?
2) લોકશાહી શાસન વ્યવસ્થામાં વર્તમાન પત્રોની ભૂમિકા જણાવો.
3) પ્રેસ રિપોર્ટરના ગુણો જણાવો.
4) હેડલાઈનનું અખબારી અહેવાલમાં શું મહત્વ છે?
5) સંગઠિત બજાર એટલે શું?
6) બજાર અહેવાલ લખતી વખતે ધ્યાનમાં રાખવાની બે બાબતો જણાવો.
7) ભાવમાં ઉછાળો એટલે શું?
8) ગદ્યખંડનું શીર્ષક કેવું હોવું જોઈએ?

**પ્ર-2.** અખબારી અહેવાલની અગત્યતા જણાવી તેના માળખા વિશે જણાવો. **13**

**અથવા**

**પ્ર-2.** ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈસરો દ્વારા અવકાશમાં બે ઉપગ્રહોનું જોડાણ કરી નવો રેકોર્ડ બનાવ્યો તે અંગેનો અખબારી અહેવાલ તૈયાર કરો.

**પ્ર-3.** બજાર અહેવાલ એટલે શું? બજાર અહેવાલનું મહત્વ દર્શાવી તેજી મંદીના કારણો અંગે સદ્રષ્ટાંત ચર્ચા કરો. **13**

**અથવા**

**પ્ર-3.** લગ્નની મોસમને કારણે સોના-ચાંદી બજારમાં આવેલું તેજીનું વલણ દર્શાવતો બજાર અહેવાલ તૈયાર કરો.

**પ્ર-4. નીચે આપેલો ગદ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નના જવાબ લખો.** **14**

જીવતી ભાષા ધબકારા મારતી પ્રાણવાન વસ્તુ છે. તે નિરંતર બદલાય છે, નિરંતર વિકાસ પામે છે અને તે બોલનારા અને લખનારા લોકોનું પ્રતિબિંબ પાડે છે. તેના મૂળ જનસમૂહમાં રહેલા છે. તેની ઈમારત ભલે ખોબા જેટલા સંસ્કારની દ્યોતક હોય. એટલે આપણે એને ઠરાવો વડે કે ઉપરથી આવતા હુકમો વડે આપની મુનસફી પ્રમાણે કેવી રીતે બદલી શકીએ? અને છતાં હું એક એવો ખ્યાલ પુષ્કળ ફેલાયેલો જોઉં છું કે આપણે માત્ર ઈચ્છા કરીએ તો ભાષાને અમુક ઢબે હાલવાચાલવાની ફરજ પાડી

શકીએ. આજના જમાનામાં સમાચારપત્રો, છાપેલાં પુસ્તકો, સિનેમા અને રેડિયો માટે વિશાળ પાયા પર લોકોમાં કેળવણી ફેલાઈ રહી છે અને લોકોમાં પ્રચાર ચાલી રહ્યો છે. એટલે ભૂતકાળ કરતા આજે ભાષામાં ફેરફાર ઘણો વધારે ઝડપથી કરી શકાય એ વાત સાચી. કોઈ ભાષા જો પ્રજા સાથેનો સંપર્ક ગુમાવી બેસે તો પોતાની જીવનશક્તિ ખોઈ બેસે અને તે ચેતનશક્તિ અને આનંદ ભરેલી હોવી જોઈએ તેને બદલે કૃત્રિમ, નિર્જીવ થઈ પડે. કોઈ ભાષાના વિકાસને અમુક દિશાએ બળજબરીથી વાળવાનો પ્રયત્ન થાય, તો સંભવ છે કે એને પરિણામે એ ભાષા વિકૃત રૂપ ધારણ કરે ને તેનો પ્રાણ કચડાઈ જાય.

**પ્રશ્નો:**

1 લેખક ભાષાને પ્રાણવાન શા માટે કહે છે?
2 ભાષાના મૂળ શેમાં સમાયેલા છે?
3 ભાષા અંગેનો ક્યો ખ્યાલ પુષ્કળ ફેલાયેલો જોવા મળે છે?
4 કેળવણીનો ફેલાવો કરવામાં મદદરૂપ થતા સાધનો જણાવો.
5 ભાષા જો પ્રજાનો સંપર્ક ખોઈ બેસે તો શું થાય?
6 ભાષાને બળજબરીથી વાળવાનો પ્રયત્ન કરવાથી ભાષા પર શી અસર થાય છે?
7 આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

**ટંકનોંધ લખો.**

1 આદર્શ અહેવાલના લક્ષણો.
2 સંગઠિત બજારના પ્રકારો

---